## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



તું ઝંડો લગાવી તો જો.. દેશભક્તિ કરવામાં અમારે બંગલા બની ગયા છે ગાંડા.. તારે ઘર નહી બને....

# યોગી બસ સેવાના ડાયરેક્ટર દ્વારા અકસ્માત વીમા પોલીસીનું કૌભાંડ

### અકસ્માતના ગુનામાં બસની ખોટી પોલીસી કોર્ટમાં રજૂ કરી આર્થિક લાભ લેવાનો કારસો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા શહેરી બસ સેવા પુરી પાડતી યોગી એડયુટ્રાન્ઝીટ પ્રા.લિ. ના ડાયરેકટર ભરતસિંહ કુંપાવતે વાહન અકસ્માતના ગુનામાં બસની ખોટી પોલીસી મોટર એકસીડન્ટ કલેઈમ્સ ટ્રીબ્યુનલ પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ કોર્ટમાં રજુ કરી આર્થિક ફાયદો મેળવવા માટે કૌંભાડ આચરી ન્યું ઈન્ડીયા ઈન્સ્યોરન્સ કંપની લિમીટેડ સાથે છેતરપિંડી આચરી હોવાનું સામે આવતા હાહાકાર મચી જવા પામ્યો છે. અડાલજ પોલીસ મથકે યોગી એડ્યુટ્રાન્ઝીટ પ્રા.લિ ના ડાયરેકટર ભરતસિંહ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ધી ન્યું ઈન્ડીયા ઈન્સ્યોરન્સ કંપની લીમીટેડ ગાંધીનગરના સિનિયર ડીવીઝનલ મેનેજર મોહંમદ રીફિક શેર મોહમંદ શેખ દ્વારા અડાલજ પોલીસ મથકે નોંધાવેલી ફરીયાદ મુજબ એપ્રિલ-૨૦૨૧ માં ઈપીકો કલમ ૨૭૯,૩૦૪ (અ) તેમજ એમવી એકટ કલમ ૧૭૭,૧૮૪ મુજબનો ગુનો નોંધાયો હતો. આ ગુનામાં ગાંધીનગર યોગી એડ્યુટ્રાન્ઝિટ પ્રા.લિ.ની શહેરી બસ નં. જી.જે.૧૮.એ.ઝેડ.૪૯૪૬ નો ડ્રાઈવર જયદિપ અડાલજ પોલીસ મથકે હાજર થઈ બસ તે હંકારતો હોવાની કબુલાત કરી બસના જરુરી કાગળો તેમજ ડ્રાઈવીંગ લાયસન્સ રજુ કર્યું હતું. જેમાં ન્યુ ઈન્ડીયા ઈન્સ્સોરન્સ કંપનીની વીમા પોલીસી પણ રજુ કરી હતી. જે વીમા પોલીસીમાં વીમા માલિકનું નામ યોગી એડ્યુટ્રાન્ઝિટ પ્રા.લિ. હતું. આ ગુના સબબ વીમા કંપનીને ગાંધીનગર મોટર અકસ્માત કલેઈમ ટ્રીબ્યુનલ ડીસ્ટ્રીક કોર્ટમાં તા.૩૦-૬-૨૧ ના રોજ હાજર રહેવા નોટીસ મળી હતી. જેમાં વીમા કંપનીના વકીલ દ્વારા યોગી એડ્યુટ્રાન્ઝિટ પ્રા.લિ.નામની પોલીસીની નકલ મેળવી હતી. જે પોલીસીની વીમા કંપનીએ તપાસ સીટી બસ નં. જી.જે.૧૮.એ.ઝેડ.૪૯૪૬ ની વીમા પોલીસે ફેક હોવાનું સામે આવ્યું હતું. જેને પગલે આ ખોટી વીમા પોલીસીની તપાસ કરવા અડાલજ પોલીસ મથકમાં વીમા કંપની દ્વારા અરજી આપવામાં આવી હતી. ત્યારે અડાલજ પોલીસની તપાસમાં પણ યોગી શહેરી બસ સેવાની વીમા પોલીસી ફેક હોવાનું પુરવાર થયુ હતુ. આ પોલીસી ગાંધીનગર મોટર એકસીડન્ટ કલેઈમ્સ ટ્રીબ્યુનલના પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ મેઈન કોર્ટમાં મોટર એકસીડેન્ટ કલેઈમ પીટીશનમાં રજુ કરી આર્થિક ફાયદો મેળવવાનો પ્લાન યોગી સીટી બસના ડાયરેકટર ભરતસિંહ કુંપાવત (રહે. મકાન નં.૫, સિધ્ધી વિનાયક સોસાયટી ગાંધીનગર) દ્વારા રચવામાં આવ્યો હોવાનું બહાર આવતા અડાલજ પોલીસ મથકમાં ગુનો દાખલ થતા ચકચાર મચી ગઈ છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪૯૦૦થી વધુ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવાયા હતા.
- ગાંધીનગર શહેરમાં આજે ૧૩૮૭ લોકોને કોરોના વેક્સિનેશન અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે.
- કોલવડાની કે.કે. પટેલ વિદ્યાલય ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આજે સુમન સીટી સે. ૧૧ ખાતે ૪ થી ૬ દરમ્યાન સ્વબચાવ અને સલામતી જાગૃતિના વર્કશોપનું નિઃશુલ્ક આયોજન કરવામાં આવ્યું છે.
- ગાંધીનગર શહેરના જાહેરસ્થાનો પર વાહન પાર્કિંગની સમસ્યા વધી જવા પામી છે.
- રખડતા પશુઓને લઈ શહેરમાં અકસ્માતનો ભય વધી રહ્યો છે અને વાહનચાલકો પણ મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે.
- ગાંધીનગર શહેરમાં ગંદકીનું પ્રમાણ વધવા પામ્યું છે.
- ગાંધીનગર શહેરના રસ્તાઓ પર પડી ગયેલા ખાડાઓ વાહનચાલકો માટે મુશ્કેલી ઉભી કરી રહ્યા છે.
- ગાંધીનગર સિવિલમાં સિઝનલ ફ્લુના બે દર્દી હાલ સારવાર હેઠળ છે.
- આગામી સપ્તાહમાં રજાઓ વધુ આવી રહી હોવાથી કર્મચારીઓ પણ હવે પર્વોને પરિવાર સાથે ઉજવી શકાય તે માટે ગણત્રીપૂર્વકની રજાઓ મુકી રહ્યા છે.
- એક સનદી અધિકારીના ઘરે પટાવાળાઓને ફરજ સોંપવા માટે ઈન્ટરવ્યુ લેવાયાની વાત આજે સચિવાલયમાં ચર્ચાનો મુદ્દો બની હતી.



### સેકટર-૭ સુવિધા કચેરી પાસે કાર-એકટીવા વચ્ચે અકસ્માત

સેકટરરના આંતરીક માર્ગો પર પણ છેલ્લા કેટલાક સમયથી માર્ગ સલામતી ઝોખમાઈ છે જેના લીધે સેકટરોમાં પણ અકસ્માતનું પ્રમાણ વધી રહ્યું છે. શનિવારના રોજ સેકટર-૭ સુવિધા કચેરી પાસે એકટવા અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ બનાવમાં એકટીવા ચાલકને ઈજા પહોંચી હતી. જયારે કાર ચાલક કાર મુકીને નાસી ગયો હોવાનું પ્રત્યક્ષદર્શી કહી રહ્યા હતા.જયારે કાર ચાલકે કાર પરનો કાબુ ગુમાવતા કાર સુવિધા કચેરીની દિવાલ સાથે અથડાઈ હતી.

## ધણપ પાસે સાઈટ પરથી ૧૨ નંગ ફરમાની ચોરી: ૨ ઝડપાયા

ગાંધીનગર, તા.૬

ચિલોડા-પ્રાંતિજ હાઈ વે પર ધણપ પાટીયા પાસેથી અક્ષર કન્સ્ટ્રકશનની સાઈટ પરથી લોખંડના ૧૫ નંગ ફરમાની ચોરી કરતા બે વ્યકિતને ચિલોડા પોલીસે ઝડપી પાડ્યા છે.

સુત્રો દ્વારા મળતીવિગત મુજબ ચિલોડા-પ્રાંતિજ હાઈ વે પર કોન્ટ્રાકટ બેઝ પર અક્ષર કન્ટ્રકશન કંપનીનું કામ ચાલી રહ્યું છે. તા.૫ ઓગસ્ટના રોજ ધણપ ખાતે આવેલી સાઈટ પર લોખંડના ફરમાની ગણતરી કરતા ૧૨ નંગ ફરમા ઓછા જણાયા હતા. જેની અંદાજીત કિં.૬ હજાર થતી હતી. આ દરમિયાન કંપનીના સુપરવાઈઝર ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવા માટે ગયા હતા ત્યારે પોલીસે એક મહિલા સહિત અન્ય એક શખ્સને લોખંડના કુલ ૧૨ નંગ ફરમા સાથે પકડી પાડ્યા હતા અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હોવાનું સામે આવ્યું હતું. આ ચોરીમાં સંડોવાયેલ અમિત કાંતિભાઈ રાજાભાઈ વેડવા અને અલ્કાબેન ગોપાલભાઈ સોમાભાઈ પટ્ટણી (મુળ કૃષ્ણનગર નવા નરોડા) ના હોવાનું ધ્યાને આવ્યું છે. પોલીસે આ બંન્ને આરોપીઓ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## સેક્ટર ૨૦ ખાતે 'હર ઘર તિરંગા' અભિયાન યોજાયું



નહેરુ યુવા કેન્દ્ર સંગઠન, ગુજરાત નાગરિક સંરક્ષણ ગાંધીનગર યુનિટ અને વનશ્રી ટ્રસ્ટ દ્વારા સરકારી પ્રાથમિક શાળા ૨૦/૧, સેક્ટર ૨૦ ખાતે 'હર ઘર તિરંગા' અભિયાને વેગવંતુ કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓને રાષ્ટ્રધ્વજનનું માન અને ગરિમા જળવાયે તેનું ધ્યાન રાખી પોતાના ઘર આંગણે તિરંગા ફરકાવે તેવી સમજણ આપવામાં આવી હતી. ઉપરોક્ત કાર્યક્રમ નું સંપૂર્ણ માર્ગદર્શન મનીષાબેન શાહ અને પંકજભાઈ માતરેચા દ્વારા આપવામાં આવ્યું હતુ, શાળા ના આચાર્ય કૈલાશબેન પટેલ એમના શાળા પરિવાર સાથે હાજરી આપી હતી તેમજ મુખ્ય મેહમાન તરીકે ઉપસ્થિત રહેલા ગાંધીનગર નાગરિક સંરક્ષણ ના ચીફ વોર્ડ નાં અંજના નિમાવતે ૫૦ થી વધુ શાળા અને કોલેજોમાં 'હર ઘર તિરંગા' અભિયાન માટે પ્રેરિત કરવા લોકો ને જાહેર આપીલ કરી હતી સંપૂર્ણ કાર્યક્રમ ને સફળ બનાવા અજય સંગાડા અને ભાવિકાબેન સોલંકી દ્વારા ભરી જેહમત ઉઠાવાઈ હતી.

## શહેરમાં જુદી જુદી કક્ષાના ૮૨૭ સરકારી આવાસોનુ રીનોવેશન કરાશે

### સરકારી આવાસોની ઘટ નિવારવા માટે સેકટરોમાં વિવિધ કક્ષાના મકાનોના રીનોવેશન પાછળ રૂ ૩૧ કરોડનો ખર્ચ કરાશે

ગાંધીનગર તા ૬

ગાંધીનગરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના જોખમી સ્થિતિમાં છે. જેના લીધે કર્મચારીઓને આવાસ ફાળવવાની કામગીરી પણ મુશ્કેલ બની છે. શહેરમાં એકબાજુ જોખમી આવાસો તોડવામાં આવી રહ્યા છે. ત્યારે આવાસોની ઘટ નિવારવા માટે તંત્ર કક્ષાએથી મકાનોના મજબુતીકરણ તરફ પણ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યુ છે. શહેરમાં ૮૨૭ સરકારી આવાસોનુ રીનોવેશન કરવા માટે આયોજન કરાયુ છે. આવાસ રીનોવેશનની આ યોજના અન્વયે અંદાજિત રૂ ૩૧ કરોડનો ખર્ચ કરાશે જેના અંતે આ આવાસો રહેણાંક માટે ફાળવી શકાશે

ગાંધીનગર શહેરમાં એકબાજુ રહેણાંકને લાયક સરકારી આવાસો નથી જયારે સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના જોખમી હાલતમાં છે. શહેરના સેકટરોમાં એક અંદાજ મુજબ ૪૫૦૦ જેટલા સરકારી આવાસો જોખમી હોવાનુ પણ સર્વેના અંતે ધ્યાને આવ્યુ છે. જયારે વિવિધ કક્ષાના જોખમી આવાસો તોડવા માટે પણ તબક્કાવાર મંજુરી આપવામાં આવે છે. શહેરના સેકટરોમાં હાલ પણ મકાનો તોડવાની કામગીરી ચાલી રહી છે. બીજીતરફ સેકટરોમાં નવા આવાસો બાંધવા માટે પણ કામગીરી હાથ ધરવામા આવી રહી છે. શહેરમાં હાલની સ્થિતિએ રહેણાંકને લાયક મકાનોમાં અનઅધિકૃત કબજેદારોની સંખ્યા પણ વિશેષ છે. જેના લીધે માર્ગ મકાન વિભાગના ચોપડે આવાસને ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી મોટી થતી જાય છે. આ સ્થિતિ વચ્ચે શહેરમા મકાનની ઘટ નિવારવા માટે તંત્ર દ્વારા રીનોવેશન હેઠળ લઈ શકાય હોય તેવા મકાનોનુ પણ મજબુતીકરણ હાથ ધરવામાં આવી રહ્યુ છે. જેથી કર્મચારીઓને રહેણાંક માટે આવાસ ફાળવવામાં સરળતા રહે. જેને અનુલક્ષીને પાટનગર યોજના વિભાગ કક્ષાએથી શહેરમાં વિવિધ કક્ષાના અંદાજિત ૮૨૭ જેટલા સરકારી આવાસોનુ રીનોવેશન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના આ આવાસોના રીનોવેશન પાછળ અંદાજિત રૂ ૩૧ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જેમાં સે-૭, સે-૮, સે-૧૨, ૧૩, ૧૬, ૧૭, ૨૧, ૨૮ અને સે-૨૯ તેમજ સે-૩૦ માં જ થી ઘ કક્ષા સુધીના બંગલા કુલ ૮૨૭ જેટલા મકાનોનુ રીનોવેશન કરવામાં આવશે જેમાં ૪૯૭ જેટલા મકાનોનુ કામ શરૂ કરી દેવાયુ છે. જયારે અન્ય ૩૩૦ આવાસોનુ રીનોવેશન હવે હાથ ધરવામાં આવશે. શહેરમાં સાડા ચાર દાયકાના અંતે મોટાભાગના સરકારી આવાસો જોખમી હાલતમાં છે. જેના લીધે રહેણાંકને લાયક મકાનો નથી.

## લેકાવાડા પાટીયા પાસે અલ્ટો ગાડીમાંથી વિદેશી દારુની ૫૦ બોટલ ઝડપાઈ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર-ચિલોડા સર્વિસ માર્ગ પર લેકાવાડા પાટીયાથી આગળ બીએસએફ અને સીઆરપીએફ પાસે સર્વિસ માર્ગ પરથી ચિલોડા પોલીસે અલ્ટો કારમાંથી વિદેશી દારુની ૫૦ બોટલ સાથે શખ્સોને પકડી પાડી કુલ રૂ.૨.૪૩લાખનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતીવિગત મુજબ ચિલોડા પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે લેકાવાડા ગામના પાટીયા પાસે આવતા તેઓને ખાનગી રાહે બાતમી મળી હતી કે ચિલોડા થી ગાંધીનગર તરફ આવતા સર્વિસ માર્ગ પર સફેદ કલરની અલ્ટો ગાડી નં. જી.જે. ૧૮. બી.એમ.-૩૮૮૭ના દરવાજાના પડખામાં વિદેશી દારુ ભરી લેકાવાડા ગામ તરફ જવાની છે. જેને પગલે પોલીસે સર્વિસ માર્ગ પર બીએસએફ થી સીઆરપીએફ કેમ્પ વચ્ચે વોચમાં ગોઠવાઈ ગયા હતા. તે સમયે સાંજના ૫ વાગ્યાના અરસામાં બાતમીવાળી જી.જે.૧૮. બી. એમ. -૩૮૮૭ આવતા તેને ઈશારો કરી રોકી હતી. ડ્રાઈવર સીટ પર બેઠેલા શખ્સનુ નામ પુછતા તેણે દિનેશ શરમનસિંગ રામેત બગેલ (ઉં.૨૩, રહે.આલમપુર મુળ ઉતરપ્રદેશ) હોવાનું જણાવ્યું હતું.જયારે પોલીસે ગાડીના ચારેય દરવાજા ખોલી ચેક કરતા તેમાંથી વિદેશી દારુની ૫૦ બોટલ મળી આવી હતી. પોલીસે રૂ.૧૭.૫૦૦ ની દારુની ૫૦ બોટલ કબ્જે કરી પાસ પરમીટ માંગતા નહી હોવાનું જણાવ્યું હતું.જયારે વિદેશી દારુ ક્યાંથી લાવ્યા તે અંગે પુછતા મનદિપ (રહે પાલનપુર) આપી ગયો હોવાનુ જણાવ્યું હતું. જયારે આ દારુ દિનેશ બગેલ અને તેના બનેવી સુરેન્દ્ર જબ્બરસિંહ બગેલ (રહે.લેકાવાડા શ્રીરામ સોસાયટી) છુટક વેચાણ કરવા માટે લાવ્યા હતા. પોલીસે શખ્સની અંગજડતી કરતા ફોન મળી આવ્યો હતો. ચિલોડા પોલીસે વિદેશી દારુ નંગ-૫૦, કિં.૧૭,૫૦૦, અલ્ટો ગાડી કિં. ૨,૨૫,૦૦૦ તેમજ રૂ.૫૦૦ની કિંમતનો મોબાઈલ મળી રૂ.૨,૪૩,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સેકટરોમાં ઠેર ઠેર માટી પોલાણ પાર્ક કરેલી કાર પણ ખુપી જાય છે

### પાણીની નવી લાઇન નાંખવાની કામગીરીના અંતે યોગ્ય પુરાણ ન થતા સેકટરવાસીઓમાં આક્રોશ

ગાંધીનગર તા ૬

ગાંધીનગરમાં વરસાદી દિવસોમાં સેકટરોમાં ઠેર ઠેર દુવિધાઓનો ઢગ મંડરાયેલો છે. સેકટરવાસીઓ અનેક પ્રકારની સમસ્યાથી ત્રસ્ત છે. જયારે સ્માર્ટ સીટી અન્વયે સેકટરોમાં પાણીની નવી લાઈન નાંખવાની કામગીરીના અંતે યોગ્ય માટી પુરાણ ન થતા સેકટરોમાં પાર્ક કરેલી કાર પણ માટીમાં ખુપી જતા સ્થાનિકોમાં પ્રબળ રોષ પ્રવર્તયો છે. સેકટરોમાં ઠેર ઠેર જોખમી સ્થિતિ સર્જાઇ છે.



ગાંધીનગરમાં વરસાદી દિવસોમાં સેકટરોમાં ઠેર ઠેર દુવિધાઓ મંડરાયેલી જોવા મળે છે. વરસાદી દિવસોમાં સતત ભીંજારાના માહોલ વચ્ચે સેકટરોમાં કાદવ કિચ્ચડ અને ગંદકીના ઢગ ખડકાયેલા છે. સેકટરોના આંતરિક માર્ગોનુ પણ ધોવાણ થયુ છે. જેના લીધે સેકટરવાસીઓ સતત ઉડતી ડામરની કાંકરીઓ પરેશાન છે. બીજીતરફ સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો પણ ડુલ રહેતા રાત્રિના સમયે અંધારપટ્ટ જોવા મળે છે. આ સ્થિતિ વચ્ચે શહેરમાં પાણી ગટર લાઈનના ખોદકામના લીધે ઠેર ઠેર માટી પોલાણ થયુ છે. માટી પોલાણના લીધે સેકટરોમાં ભયજનક સ્થિતિ સર્જાઇ છે. વાહના પણ માટીમાં ખુપાઇ જાય છે. સેકટરોમાં રહીશોએ પાર્ક કરેલા વાહનો પણ માટીમાં ખુપી જતા સેકટરવાસીઓ માટે મુસીબત ઉભી થઇ છે. શહેરમાં સ્માર્ટ સીટી અન્વયે હાથ ધરાયેલી આ ખોદકામગીરીના લીધે ઠેર ઠેર માટી પોલાણની સ્થિતિથી રહીશો તોબા પોકારી ગયા છે. વરસાદી ઝાપટના અંતે માટીમાં પોલાણ થતા અનેક ઠેકાણે વાહનચાલકો અકસ્માતનો પણ ભોગ બની રહ્યા છે. સેકટરોમાં પાણી પુરવઠા બોર્ડ દ્વારા નવી લાઈન નાંખવા માટે ઠેર ઠેર ખોદકામ કર્યુ છે. જયારે ખોદકામના અંતે યોગ્ય રીતે પુરાણ કરવામાં આવ્યુ નથી આવા સંજોગોમાં સેકટરોમાં સોસાયટીના માર્ગો આસપાસ તેમજ આંતરિક વિસ્તારમાં પણ રીંગ રોડ આસપાસ અનેક ઠેકાણે માટી પોલાણ થવાના લીધે ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. શહેરના સેકટરોમાં રહીશોની કાર તેમજ ટુ વ્હીલર પણ આ માટી પોલાણમાં ખુપી જતા પરેશાની વેઠવાનો વારો આવે છે. વાહનોને પણ નુકશાન થતુ હોવાથી સ્થાનિકોમાં પ્રબળ રોષની લાગણી વ્યાપી છે. આ સ્થિતિને ધ્યાને લઈ સેકટરોમાં તંત્ર દ્વારા યોગ્ય પુરાણ કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. સે-૨૩ માં બી વન કક્ષાના મકાનો પાસે પાણીની લાઇન માટે ખોદકામ બાદ માટીપોલાણ થતા વરસાદી દિવસોમાં પાર્ક કરેલી કાર પણ માટીમાં ખુપી ગઈ હતી.

## ગાંધીનગર જિલ્લામાં ૬ થી ૬૦ વર્ષથી ઉપરની ઉંમરના વ્યક્તિઓ માટે કલા મહાકુંભ યોજાશે

### કલા મહાકુંભ અલગ- અલગ વય જુથના ચાર વિભાગમાં યોજાશે : કલા મહાકુંભમાં કુલ છ વિભાગમાં વિવિધ સ્પર્ધાઓ યોજાશે

ગાંધીનગર, તા.૬

જિલ્લા વિકાસ અધિકારી, ગાંધીનગર દ્વારા કલા મહાકુંભ-૨૦૨૨-૨૦૨૩ યોજાનાર છે. કલા મહાકુંભ ચાર અલગ- અલગ વય જુથના વિભાગમાં યોજાશે. જેમાં ૬ થી ૧૪ વર્ષ, ૧૫ થી ૨૦ વર્ષ, ૨૧ થી ૫૯ વર્ષ અને ૬૦ થી ઉપરની ઉંમરના વ્યક્તિઓ માટે યોજાશે.

કલા મહાકુંભમાં કુલ છ વિભાગમાં સ્પર્ધાઓ યોજાશે. જેમાં સાહિત્ય વિભાગમાં વકતૃત્વ, નિબંધ, કાવ્ય લેખન, ગઝલ?-શાયરી,.લોકવાર્તા, દુહા- છંદ-ચોપાઈ નો સમાવેશ કરવામાં આવ્યો છે. કલા વિભાગમાં ચિત્રકલા, સર્જનાત્મક કારીગરી, નૃત્ય વિભાગમાં લોક નૃત્ય, રાસ, ગરબા, ભરતનાટ્યમ, કથ્થક, કુચિપુડિ, ઓડિસી, મોહિની અટ્ટમ, વાદન વિભાગમાં હાર્મોનિયમ (હળવું), તબલા, ઓરગન, સ્કુલબેન્ડ, વાંસળી, સિતાર, ગિટાર, સરોદ, સારંગી, પખવાજ, વાયોલીન, મૃદંગમ્, રાવણ હથ્થો, જોડીયા પાવ, ગાયન વિભાગમાં શાસ્ત્રીય કંઠ્ય સંગીત(હિન્દુસ્તાની), સુગમ સંગીત, લગ્ન ગીત, સમુહગીત, લોકગીત/ભજન, અભિનય વિભાગમાં એક પાત્રીય અભિનય, ભવાઈ સ્પર્ધા યોજાશે.

આ તમામ સ્પર્ધા તાલુકાકક્ષા, જિલ્લાકક્ષા, પ્રદેશકક્ષા, રાજય કક્ષાએ યોજાશે. આ સ્પર્ધામાં સહભાગી થવા ઈચ્છુક ઉમેદવારોએ નિયત નમુનાનું ફોર્મ આધારકાર્ડની નકલ તથા બેંક પાસબુકની નકલ સાથે રાખી ભરવાનું રહેશે. આ ફોર્મ તા.૧૮/૦૮/૨૦૨૨ સુધીમાં કચેરીના કામકાજના દિવસો દરમિયાન જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી, છઠ્ઠો માળ, સી વીંગ, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે જમાં કરાવવાના રહેશે. તા.૧૮/૦૮/૨૦૨૨ પછીથી આવનારા ફોર્મ તથા અધુરી વિગતો વાળા ફોર્મ સ્વીકાર્ય રહેશે નહી, તેવું જિલ્લા યુવા વિકાસ અધિકારી, ગાંધીનગરે જણાવ્યું છે.

## સાદરા સંકુલમાં એન્ટી રેગીંગ અંગેની ચિત્રસ્પર્ધા અને સૂત્ર રચના સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૬

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરામાં એન્ટીરેગીંગ અંગેની ચિત્ર સ્પર્ધા અને સૂત્રરચના સ્પર્ધામાં વિદ્યાર્થી ભાઈઓ-બહેનોએ ભાગ લીધો હતો. સંકુલમાં અભ્યાસકર્તા વિદ્યાર્થીઓ રેગીંગ મુક્ત બને, જેમાં રંગ, જાતિ, ધર્મ, વંશીયતા, લિંગ, જાતીય અભિગમ, દેખાવ, પ્રાદેશિક મૂળ, ભાષાકીય ઓળખ કે જ્ઞાતિના આધારે કોઈપણ વિદ્યાર્થી સાથે કરવામાં આવેલ શારીરિક કે માનસિક દુર્વ્યવહારના કોઈપણ કાર્યને રેગિંગ ગણાય જે અંગેની ચિત્રસ્પર્ધા દ્વારા અને સૂત્રરચના સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીઓ માહિતી રજૂ કરતા થાય તે આ સ્પર્ધાઓનો હેતુ રહ્યો. એન્ટી રેગીંગ સમિતિના સભ્ય ડૉ. અમરેન્દ્ર પાંડે દ્વારા આ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું જેમાં રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતી દેવુંનો સંપૂર્ણ સહકાર રહ્યો હતો.

## સાદરા સંકુલમાં રક્ષાબંધન કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર, તા. ૬

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય ચીલોડા કેન્દ્રના મુખ્ય સેવિકા બ્રહ્માકુમારી તારાદીદી આયોજિત રક્ષાબંધન કાર્યક્રમ સંકુલ સાદરાના બી.એ. એમ.એ. અને શારીરિક શિક્ષણ વિદ્યાશાખાના ઉપાસના ખંડોમાં યાજોયો હતો. સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલે સ્વાગત પરિચય કરાવ્યો હતો. બ્રહ્માકુમારી મીરાદીદીએ સભામાં ઉપસ્થિત વિદ્યાર્થી-સેવક ગણને રક્ષાબંધન પર્વનું મહત્વ સમજાવતાં ભાઈઓ અને બહેનોને રાખડી બાંધી બહેનોને ફેશન છોડવાનો અને ભાઈઓને વ્યસન છોડવા સંકલ્પ કરાવ્યો અને પ્રતિજ્ઞાપત્ર ભરાવ્યાં. વ્યસનમુક્તિ અને ફેશનમુક્તિ સાથે પ્રભુની યાદ માટે બે મિનિટનું મૌન પાળી રક્ષાબંધન કાર્યક્રમની આભારવિધિ ડૉ. મોતી દેવું અને બ્રહ્માકુમારી સુમનબહેને કરી હતી.

## ચાઇનીઝ દોરીમાં ફસાયેલા કાગડાના બચ્ચાંને ફાયર બ્રિગેડે બચાવ્યું

ગાંધીનગર, તા.૦૬

ઉત્તરાયણમાં પોતાની બે દિવસની મોજમજા માટે ચાઈનીઝ દોરી વાપરતાં અને માત્ર દેખાડાં ખાતર પ્રતિબંધની વાતો કરતાં વહીવટીતંત્રની નબળી કામગીરીને કારણે હજુ પણ સેંકડો નિર્દોષ અબોલ પક્ષીઓ પોતાનો જીવ ગુમાવી રહ્યાં છે અથવા ઘાયલ થઈને હેરાનગતિ ભોગવી રહ્યાં છે. આજે બપોરે ફાયર બ્રિગેડે વાવોલ



રેલ્વે ફાટક નજીક એક ઉંચા ઝાડ પર પોતાના માળાની નજીક લટકતા ચાઈનીઝ દોરીના ગુંચડામાં પગ ફસાઈ જવાથી વાગોળની જેમ ઉંધા માથે લટકી રહેલાં એક કાગડાના બચ્ચાનું રેસ્કયું કર્યુ હતું. એક પ્રકૃતિપ્રેમી યુવાનના કોલના આધારે તુરંત સ્થળ પર ધસી ગયેલી ફાયર બ્રિગેડની ટીમના જલ્પેશ રબારીએ ઉંચા ઝાડ પર ચઢીને કાગડાના બચ્ચાંને નીચે ઉતાર્યુ હતું


**ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા (બીજો પ્રયત્ન)**
**વર્ષ - ૨૦૨૨-૨૩**
**ગાંધીનગર મહાનગરપાલિકા**
**બહુમાળી ભવન, બી-બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર**

ગાંધીનગર મહાનગર પાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. |
|---|---|---|---|
| ૨૯/૨૦૨૨-૨૩ | Comprehensive Operation and mainyenance of Kudasa Party Plot at Kudasan in at TP-6, FP-27in GMC Area. | રૂ. ૧૫૦૦/- | ૩૩,૪૩૨/- |

ટેન્ડર ફોર્મ તા. ૮/૮/૨૦૨૨ થી તા. ૧૭/૮/૨૦૨૨ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ્ટુ.હૅષ્ઠિીં.ર્જૈદ્વ પરથી ડાઉનલોજ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફ્ટ નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીના નામે તા. ૧૮/૮/૨૦૨૨ થી તા. ૨૨/૮/૨૦૨૨ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓનલાઈન ટેકનીકલ બીડ ઓપનીંગ તા. ૨૩/૮/૨૦૨૨ના રોજ સમય ૧૨:૦૦ કલાકે કરવામાં આવશે. પ્રાઈઝ બીડ ઓપનીંગની જાણ અલગથી કરવામાં આવશે.

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર

માહિતી/૧૦૭૮/૨૨-૨૩